(93)

રજી.પો.એડી.

નં.ટેનન્સી/એ/એસઆર/૬૬/૦૯
કલેકટર કચેરી, જ.સુ. શાખા,
વડોદરા, તા.૧૮-૮-૨૦૦૯
૨૦

પ્રતિ,
શ્રી શાંતિલાલ રણછોડભાઈ પટેલ વિગેરે,
રહે.૬, શ્વેતાપાર્ક, અસ્મીતા પાર્ક પાસે,
નિઝામપુરા, વડોદરા

વિષયઃ- મોજે ગોત્રી, તા.વડોદરાના સ.નં.૧૩૨, ૧૪૭, ૧૪૮, ૧૪૯ પૈકી અને ૧૫૩ ની અનુક્રમે ૮૨૯૬, ૨૪૨૮, ૪૮૫૬, ૪૧૯૮ અને ૯૧૧ ચો.મી. મળી કુલ ૨૦૬૮૯ ચો.મી.વાળી પ્રતિબંધીત શરતની જમીન બિનખેતીના હેતુ માટે શરતફેર કરવા પરવાનગી આપવા બાબત.

મહાશય,

ઉક્ત વિષય સબંધમાં જયભારત સહ જણાવવાનું કે, તમોએ નીચે જણાવેલ પ્રતિબંધીત શરતની જમીન બિનખેતીના રહેણાંક હેતુ માટે શરતફેર કરવાની પરવાનગી મળવાની માંગણી કરેલ છે. સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૪/૭/૨૦૦૮ ના ઠરાવ ક્રમાંક નશજ/૧૪૨૦૦૬/૫૭૧/જ (પાર્ટ-૨) ની જોગવાઈ મુજબ નવીન જંત્રીના ભાવે જમીનના મુલ્યાંકનના ૮૦% પ્રિમિયમ સરકારશ્રીમાં ભરપાઈ કરવાની થાય છે. સરકારશ્રીના મહેસુલ વિભાગની યાદી ક્રમાંક ગણત/૨૦૨૦૦૮/૪૪૯૯/ઝ તા.૩૦/૭/૦૯ થી મંજુરી આપેલ છે. સરકારશ્રીની મંજુરી યાદી મુજબ નીચે જણાવેલ જમીનની તે સામે જણાવેલ પ્રિમિયમની રકમ **અરજદારશ્રીએ** આ પત્ર મળ્યા તારીખથી દિન-૨૧માં નીચે જણાવેલ સદરે સરકારી તિજોરીમાં જમા કરાવી અત્રે અસલ ચલન રજુ કરવા વિનંતી છે. સમય મર્યાદામાં પ્રિમિયમની રકમ ભરપાઈ કરી ચલણ રજુ થશે નહી તો તમોને પરવાનગી મેળવવામાં રસ નથી તેમ માની આપની અરજી દફતરે કરવામાં આવશે. જેની નોંધ લેશો. નજરાણાની ભરપાઈ કરેલ રકમ રીફંડનેપાત્ર નથી તે જાણશો.

| અનુ | ગામ / તાલુકો | સ.નં | બ્લોક નં. | ક્ષેત્રફળ ચો.મી. | નવીન જંત્રી મુજબની કિંમત પ્રતિ ચો.મી.ના રૂપિયા | જમીનની કુલ કિંમત રૂપિયા | સરકારશ્રીમાં ૮૦ % પ્રમાણે ભરપાઈ કરવાની પ્રિમિયમની રકમ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૪ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ગોત્રી<br>તા.વડોદરા | ૧૩૨<br>૧૪૭<br>૧૪૮<br>૧૪૯<br>પૈકી<br>૧૫૩ | - | ૮૨૯૬<br>૨૪૨૮<br>૪૮૫૬<br>૪૧૯૮<br>૯૧૧<br>૨૦૬૮૯ | ૪૫૦૦ | ૯,૩૧,૦૦,૫૦૦/- | ૭,૪૪,૮૦,૪૦૦/-<br>(અંકે રૂપિયા સાત કરોડ ચુમ્માલીસ લાખ એંસી હજાર ચારસો પુરા) |

પ્રિમિયમની રકમ જમા કરાવવાનું સદર

(૧) મુખ્ય સદર – ૦૦૨૯ (0029)
ગૌણ સદર – ૧૦૩ જમીન પર દર અને ઉપકર (RATES & CASES ON RENTAL)
પેટા સદર –(૩)નવી શરતની જમીન બિનખેતીના હેતુ માટે જુની શરતમાં ફેરવવા માટે લેવાતુ પ્રિમિયમ (PRIMIUM FOR CONVESION OF NEW TENURE LAND TO OLD TENURE FOR AGRICULTURE PURPOSE)

ાબલ કરનાર કર્મચારી
: જીબેન એમ વસાવા
: કારકુન ના. આ.મ.
: તારીખ: ૧૬/૫/૨૦૨૨
ા : જમીન સુધારણા

આપનો વિશ્વાસુ

કલેકટર વડોદરા વતી

કલેકટરશ્રીની આજ્ઞાનુંસાર
નકલ રવાનાઃ- મામલતદારશ્રી, વડોદરા શહેર તરફ
૨/- જાણવા તથા ઘટિત કાર્યવાહી થવા સારૂ.